**Press Note**

એમ. એલ. પરમાર કોલેજમાં સ્ટાર્ટઅપ–ઇનોવેશન કાર્યક્રમ યોજાયો.

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ ડૉ. કિશોરસિંહ ચાવડા અને સર્વોદય શિક્ષણ મંડળ,ઘોડદોડ રોડ ખાતે આવેલી એમ. એલ. પરમાર કોલેજના ઇ.ચા. આચાર્યશ્રી હિરલબેન મેસવાનિઆ ના માર્ગદર્શન હેઠળ સેશન ફોર સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ એન્ડ ઇનોવેશન પ્રોગ્રામ યોજાયો હતો. જેમાં વિધાર્થીઓને ઇનોવેટિવ આઇડીયાને કેવી રીતે સ્ટાર્ટઆપમાં તબદીલ કરવું તેમજ તેના માટે ફડિંગ(ગ્રાન્ટ) કેવી રીતે મેળવી શકાય તેની માહિતી યુનિવર્સિટીના શ્રીમતી તૃષ્ણા યાજ્ઞિક અને તેમની ટીમ દ્વારા આપવામાં આવી હતી. આ સેશન દરમિયાન કુલ ૧૫૦ જેટલા વિધાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં વિધાર્થીઓ દ્વારા કુલ ૫ જેટલા ઇનોવેટિવ આઇડિયા આગળ આવ્યા હતા. આ સમગ્ર ઈવેન્ટ દરમ્યાન કોલેજ ના અધ્યાપકો અને વિધાર્થીઓ તરફથી વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીની ટીમ ને ખૂબ જ સારો સાથ અને સહકાર મળ્યો હતો.